**(શરૂ−૦૧:૨૪, પુર્ણ− :)**
**સોગંદ આપ્યા.....**
**પ્રતીવાદી ચીંતન જગદીપભાઈ આચાર્યની આંક−૧૦૮ની સરતપાસ  લગત વાદી તર્ફે ઉલટ તપાસ વિ.વ.શ્રી જે.સી.ભટ્ટ.**

(૧)  એ વાત ખરી છે કે હાલની સરતપાસનુ સોગંદનામુ મે ઈન્ચાર્જ મામલતદારના ચાર્જમા હતો તે સમયે હોદાની રૂએ કરેલ છે. એ વાત ખરી છે કે મે દાવાવાળી જગ્યાની કયારેય સ્થળ મુલાકત લીધેલ નથી. એ વાત ખરી છે કે દાવાવાળી જગ્યાની ચોકકસ ચતુર્દીશા મે મારા સરતપાસના સોગંદાનામામા દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે દાવાવાળી જગ્યા ઈશનપુર ગામ મધ્યે આવેલી છે. મને એ વાતની ખબર નથી કે આ કામના વાદી ઈશનપુર ગામના ખેડુત ખાતેદાર છે. મને એ વાતની ખબર નથી કે વાદીના દાદા પણ ખેડુત ખાતેદાર હતા અને ઈશનપુર ગામ મધ્યે ખેતીની જમીન ધરાવતા હતા. એ વાત ખરી છે કે સામાન્ય રીતે ખેડુતો પોતાના ખેતીના સાધનો રાખવા માટે ગામ પાસે પડતર જગ્યામા વાડાઓ કરતા હતા. મને એ વાતની ખબર નથી કે આવા વાડાઓ ખેડુતોએ ઈશનપુર ગામ મધ્યે કરેલા. મને એ વાતની ખબર નથી કે વાદીના વડવાઓએ ઈશનપુર ગામ મધ્યે પડતર જગ્યામા વાડાઓ કરેલા.

આ તબકકે વધુ ઉલટ તપાસ માટે મુદત અરજી આવતા સબબ કામ વાદીની વધુ ઉલટ તપાસ માટે મુલતવી.

સ્થળ:− હળવદ.
તારીખ:− ૦૫/૦૨/૨૦૨૬.

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ        પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ, હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧